# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની પેટા-ચૂંટણી-૨૦૨૬

## જાહેર નોટીસ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની **ખંડ-(૭) "સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોનો મત વિભાગ"** પેટા-ચૂંટણી-૨૦૨૬ તા.૦૩/૧૧/૨૦૨૬ને મંગળવારના રોજ યોજાનાર છે. બોર્ડની પેટા-ચૂંટણી-૨૦૨૬ માટે તા.૨૧/૦૯/૨૦૨૬ ના જાહેરનામા ક્રમાંક: THE GUJARAT GOVERNMENT GAZETTE PART-II(Ext.) મુજબ ઉમેદવારી પત્રોની તા.૧૨/૧૦/૨૦૨૬ ને સોમવારના રોજ ૧૫:૦૦ કલાક સુધી દરખાસ્ત રજૂ કરવામાં આવેલ છે. ખંડ-(૭) માટે ઉમેદવારી નોંધાવેલ ઉમેદવારોની યાદી આ સાથે મુકવામાં આવેલ છે.

તા.૧૩/૧૦/૨૦૨૬ ને મંગળવારના રોજ ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ થયેલ ઉમેદવારીપત્રોની ચકાસણી સવારે ૧૧:૦૦ કલાક થી બપોરના ૧૭:૦૦ કલાક સુધીમાં પૂર્ણ કરીને ઉમેદવારીપત્રો સ્વીકાર થયેલ છે કે અસ્વીકાર થયેલ છે તેની નોંધ સહિતની ખંડ-(૭)ના નોંધાયેલા ઉમેદવારોની યાદી તા.૧૩/૧૦/૨૦૨૬ ને મંગળવારના રોજ બોર્ડની વેબસાઈટ www.gseb.org પર પ્રસિદ્ધ કરવામાં આવશે. જે ઉમેદવારોના અરજી પત્રકનો અસ્વીકાર કરવામાં આવે તેવા ઉમેદવારોએ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ-૫ હેઠળ રચાયેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સભ્ય કાર્યરીતિ નિયમોના નિયમ-૧૦(૩) મુજબ અપીલ કરવાની જોગવાઈ અનુસાર કાર્યવાહી કરી શકશે તેમજ જે ઉમેદવારોએ નોંધાવેલ ઉમેદવારી પાછી ખેંચવી હોય તેવા ઉમેદવારોએ ચૂંટણી કાર્યરીતિ નિયમોના નિયમ-૧૧(૧) હેઠળ ઉમેદવાર જાતે અથવા તે માટે અધિકૃત કરેલી વ્યક્તિ દ્વારા લેખિત અધિકાર પત્ર દ્વારા બોર્ડની વેબસાઈટ પર મુકવામાં આવેલ નમૂના મુજબની અરજી દ્વારા તા.૧૪/૧૦/૨૦૨૬ થી તા.૧૬/૧૦/૨૦૨૬ (સવારના ૧૧:૦૦ કલાક થી બપોરના ૧૫:૦૦ કલાક દરમ્યાન) સુધીમાં રજૂ કરી ઉમેદવારી પાછી ખેંચી શકાશે. તા.૨૧/૧૦/૨૦૨૬ ના રોજ ઉમેદવારોના નામની આખરી યાદીની જાહેરાત કરવામાં આવશે. જેની નોંધ લેશો.

સ્થળ :- ગાંધીનગર

તારીખ :- ૧૨/૧૦/૨૦૨૬

(આર.આર.વ્યાસ)
ચૂંટણી અધિકારી અને
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## ઉમેદવારી નોંધાવેલ ઉમેદવારોની યાદી

### ખંડ-(૭)

### "સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોનો મત વિભાગ"

| ક્રમ | ઉમેદવારી પત્રનો ક્રમાંક | ઉમેદવારનું નામ | મતદાર યાદીનો જિલ્લો | મતદાર યાદી મુજબ શાળા ક્રમાંક | મતદાર યાદીમાંનો નંબર |
|---|---|---|---|---|---|
| 1 | 111 | ZINZUVADIYA SHAILESHKUMAR GOPALBHAI | SURENDRANAGAR | 69.0049 | 52 |
| 2 | 067 | JADEJA SHAILENDRASINH ANUPSINH | KACHCHH | 53.0446 | 419 |
| 3 | 062 | VALA RANJIT BHIMABHAI | JUNAGADH | 57.0053 | 66 |
| 4 | 093 | PATEL NITINBHAI SHANKARBHAI | PATAN | 77.0246 | 38 |
| 5 | 092 | CHAUDHARI PARESHKUMAR KANJIBHAI | PATAN | 77.0248 | 41 |

ચૂંટણી અધિકારી અને સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર